શ્રી.

પાણ્ડવ વિજય.

અથવા

"ધર્મે જય ને પાપે ક્ષય"

નાટકનાં ગાયનો.

શ્રી મહાભારત ઉપરથી રચી પ્રસીદ્ધ કરનાર

લલિતાશંકર લાલશંકર વ્યાસ.

હેડ માસ્તર, નામદાર સર જ. જી.ની અંગ્રેજી સ્કુલ, સુરત.

(આ નાટક ભજવી બતાવવાની પરવાનગી શ્રી સુરત શાન્તિવિજય નાટક કંપનીને આપી છે.)

દુઃખ દઇ કો સૂખ ન પામે, એ પ્રભૂ ન્યાયની રીત;
"ધર્મે જય ને પાપે ક્ષય" એ, પેખશો અંતે ખચીત.

સુરત.

'દેશી મિત્ર' એનજીન પ્રિન્ટીંગ પ્રેસ.

વૈશાખ. ૧૯૬૨ મે. ૧૯૦૬

કિમ્મત ૨ આના.

નાટકના પ્રવેશો.

નાન્દિ-કુંજ વિહાર. (કૃષ્ણ ગોપીઓનો).

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો-દ્રોણાચાર્યની નિર્ધનતાની દયાજનક સ્થિતિ.

પ્રવેશ ૨ જો-દ્રોણાચાર્યનું પોતાની નિર્ધનતાને લીધે પોતાના પુત્રને માટે પયની જરૂર હોવાથી એક ગાયની યાચના માટે પોતાના સ્હાધ્યાયી રાજા દ્રુપદ પાસે પોતાની સ્ત્રી સાથે જવું. ત્યાં તેનો તિરસ્કાર.

પ્રવેશ ૩ જો-પાણ્ડવ કૌરવોની દડાની રમત ગમત. દડાનું ઉછળી કુવામાં પડવું. દ્રોણાચાર્યનું આગમન અને દર્ભવડે દડાને કુવામાંથી કહાડવું.

પ્રવેશ ૪ થો-ભીષ્મપિતામહનું દ્રોણાચાર્યને પાંડવ કૌરવોના શસ્ત્ર વિધાના ગુરૂ તરીકે સ્થાપન કરવું.

પ્રવેશ ૫ મો-દ્રોણાચાર્યનો, રાજા દ્રુપદ તરફ વૈર લેવાના ઠરાવનો પ્રકાશ.

પ્રવેશ ૬ ઠો-શસ્ત્ર વિધાની પરીક્ષાને માટે રંગ અખાડો.

પ્રવેશ ૭ મો-પાણ્ડવોએ રાજા દ્રુપદને કેદ કરી દ્રોણાચાર્ય આગળ રજુ કરવું. દ્રોણાચાર્ય ગયા બાદ દ્રુપદનો તેના ઉપર વૈર લેવાનો નિશ્ચય. અને તેને માટે યજ્ઞમાંથી પુત્ર ઉત્પન્ન કરવા પોતાનો ઠરાવ.

પ્રવેશ ૮ મો-બ્રાહ્મણોનો યજ્ઞમાં જવાનો આનંદ.

પ્રવેશ ૯ મો-દ્રુપદને ઘેર યજ્ઞ, ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રૌપદીની યજ્ઞ કુંડમાંથી ઉત્પત્તી.

અંક ૨ જો

પ્રવેશ ૧ લો–ધૃતરાષ્ટ્રની રાજ્ય વ્યવસ્થાની કચેરી. યુધિષ્ઠિરને યુવરાજ પદ આપવાનો વિચાર. દુર્યોધનનો ક્રોધ. પાંડવોને કુન્તિ સહીત વારણાવટ મોકલી દેવાનો ઠરાવ. દુર્યોધનનો હર્ષ.

પ્રવેશ ૨ જો–પુરજનોનો શોક.

પ્રવેશ ૩ જો–પાણ્ડવોનો લાક્ષાભુવનમાં ઉતારો. દુર્યોધનનો લાક્ષાભુવનમાં કુન્તિ સહીત પાંડવોને બાળી મુકવાનો સંકેત. બાલોની રમત ગમત. પાણ્ડવોએ લાક્ષાગૃહને આગ લગાડી સુરંગમાંથી હોડીમાં બેસી સહીસલામત નાશી જવું, પુરજનોનો શોક અને ગભરાટ.

પ્રવેશ ૪ થો–પાંડવોનું જંગલમાં આવવું. હિડીમ્બ રાક્ષસનો વધ. હિડીમ્બા રાક્ષસીનો ભીમસેન સાથે બંધાયલો પ્રેમ અને વિરહ.

પ્રવેશ ૫ મો–બકાસુર રાક્ષસના ભક્ષને માટે એક બ્રાહ્મણનું પોતાની સ્ત્રી, પુત્ર, પુત્રી સાથે જંગલમાં આવવું; બ્રાહ્મણોના વેષમાં પાણ્ડવોનું મળવું. બકાસુર રાક્ષસને મારવાનું ભીમસેનને સોંપવું. પાણ્ડવોનો તે બ્રાહ્મણને ત્યાં ઉતારો કરવાનો ઠરાવ.

પ્રવેશ ૬ ઠો–દ્રૌપદીનું ઉપવર થવું. પોતાની મા આગળ લગ્નની ઢીલને માટે શોક. રાજા દ્રુપદનો, રાણી તથા પ્રધાન સાથે વિચાર. સ્વયંવર કરવાનો ઠરાવ.

પ્રવેશ ૭ મો–બ્રાહ્મણોનું સ્વયંવરમાં જવા એકઠા થવું. પાણ્ડવોનું ગુપ્ત રીતે તેમાં જોડાવું.

પ્રવેશ ૮ મો–સ્વયંવર. મત્સ્યવેધ, તેમાં બ્રાહ્મણના વેશમાં અર્જુનનો જય, દ્રૌપદીનો અર્જુનને વરમાળ પહેરાવવાનો આનંદ, સ્વયંવરમાં આવેલા રાજાઓનો દ્રુપદ તથા બ્રાહ્મણો ઉપર ક્રોધ.

અંક ૩ જો

પ્રવેશ ૧-૨ જો-પાણ્ડવોની ભિક્ષા (દ્રૌપદી) નો કુન્તિ આગળ હર્ષ. તે ભિક્ષા (દ્રૌપદી) પાંચે પાણ્ડવો વચ્ચે વેહેંચી લેવાની કુન્તિની આજ્ઞા. ખરી વાત જાણવાથી કુન્તિનો શોક. વ્યાસજીનો તે બાબે ખુલાસો. એક બ્રાહ્મણની ગાયની ચોરી. અર્જુનનું ગાય છોડવવા માટે દ્રૌપદી તથા યુધીષ્ઠીરના ખાનગી ભુવનમાં જવું. તે અપરાધ માટે અર્જુનની બાર વર્ષની તિર્થ યાત્રા.

પ્રવેશ ૩ જો-મહારાજા ધૃતરાષ્ટ્રનું ભુવન. વિદુર, ભીષ્મ પિતામહ તથા દ્રોણાચાર્ય સાથે પાંડવોને ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય આપવા ધૃતરાષ્ટ્રનો વિચાર દુર્યોધન, શકુની વિગેરેનો. ધર્મ રાજાને ધૂત રમાડવાનો સંકેત.

પ્રવેશ ૪ થો ૭-અર્જુનનું તિર્થયાત્રા કરી દ્વારકામાં આવવું, કૃષ્ણનો પોતાની બ્હેન સુભદ્રાને અર્જુનને પરણાવવાનો ગુપ્ત વિચાર. અર્જુનને યોગીના વેષમાં રહેવાનો શ્રી કૃષ્ણનો બોધ-અર્જુનનો યોગીને વેશે હનુમાનજીના મંદિરમાં વાસ. બળરામનું યોગીને ભિક્ષાનું આમંત્રણ. સુભદ્રાને સોંપેલી ભોજનની વ્યવસ્થા, સુભદ્રા હરણ, બળરામનો કોપ તેનું શ્રી કૃષ્ણે કરેલું શાન્તવન.

પ્રવેશ ૮ મો-અર્જુનનું દ્રૌપદી પાસે આગમન. સુભદ્રા સાથે અર્જુનના લગ્ન થવાથી દ્રૌપદીનું રીસવું. સુભદ્રાએ માગેલાં વરદાન. દ્રૌપદીનો કોપ ને શ્રી કૃષ્ણને શાપ.

પ્રવેશ ૯ મો- ધૂતને માટે સભા. યુધિષ્ઠીરનું દ્રૌપદી સાથે સર્વસ્વ હારી જવું. દ્રૌપદીનાં વસ્ત્ર હરણ, ભીમનો ઉગ્રકોપ. ગાંધારીનો પોતાના પુત્ર દુર્યોધન તરફ તીરસ્કાર, કુન્તિએ આપેલું દ્રૌપદીને આસ્વાસન, કુન્તિનો શોક, પાણ્ડવોનો વનવાસ.

પ્રવેશ ૧૦ મો-કૃષ્ણની કુન્તિ સાથે સંધીની વાતચીત, કર્ણને પોતાના પક્ષમાં લેવાનો બોધ. કર્ણે નાપાડી.

પ્રવેશ ૧૧ મો-કુરૂક્ષેત્રનું મહાભારત યુદ્ધ. કૌરવોની હાર ને પાણ્ડવોનો જય.

પ્રવેશ ૧૨ મો-ધર્મરાજાનો રાજ્યાભિષેક.

સુરત. }
નાગર ફળીયું }

હ૦ હા૦ વ્યાસ.

શ્રી

પાણ્ડવ વિજય.

અંક ૧ લો.

ધાતા ગિરિવર ધારી, માયા અકલ પ્રસારી—ધાતા૦
જાયા સુર હિતકારી, હાર્યા દનુજ સુરારી,
તાર્યા તુજ કર ધારી— ધાતા૦
ગતિ તારી અપરંપારી, ખરે જગને મોહનકારી,
ધારી કર રાશ અકારી, નીરાળી મતિ તુજ ન્યારી.
"કરણી તેવી પાર ઉતરણી," પંથ સરળ દર્શાવ્યો નાથ,
નવ કો સાથે યારી ખારી, પણ વશ સરવે તારે હાથ,
કર્મો ધર્મો દાખી વારી, લલિત લિલા હરિ કરધારી.

૨

કૃષ્ણે ધરિ મુરલિ મનહર અધર રસાલ.
સુરવર નરવર નટવર સુરપુરિ દૃગને નચાવી દીએ થેઇ થેઇ
તાલ.—ધરિ મુરલિ૦
વદન મદન મદસદન શંમન ઘન જનન મરણ ભયહરણ
તરણ મન,
મનન પરમ પ્રભુ રટણ રસનજન, મનકરે વિકસિત છેદિ
ભવ જાળ—ધરિ મુરલિ૦

૩

રામ રસ ચખ રસના સુખદાઇ—રામ૦
પામે સુખ ક્યારે? રામે રસ જ્યારે;
વામે પાપ ક્યારે? નામે શિશ જ્યારે, રામે મિત પ્યારે૦
સુખદાઇ—રામ૦
સત્ય શુદ્ધ પ્રભુ નામ સર્વદા, વંદિ વંદિ નવનીત પ્યારે,
દાતા ત્રાતા ધાતા આશા પરવર પુરીકર
છેદી ભેદી પાપી કુધી શાન્તિદ—રસચખ૦ રામ રસ૦

૪

કૃષ્ણ ચંદ્ર પ્રેમઅંગ, બાઝી ગોપી મુકુંદ, રમે રાસે રસે.
કુંજમાંહીરે કુંજમાંહીરે, સાથ બાલા, પ્રેમ કયારિયે (૨)
છેલ છબી ન્યાળિએ, નેન તિરછી તાકીને—કૃષ્ણચંદ્ર.
રમે રાસ ખેલ મદ ઝરે, સ રસરે,
લટક લટક ચાલ કુંડળ ઝળક લળક પલક વન્દિએ,
મંનથી, તંનથી, રંગથી, રાગથી,—વરવર વરીએ—કૃષ્ણચંદ્ર.

શરદ ચંદ્ર ઘન ગગનને, ખિલાવી દેતો રંગ;
ચમન ઉર યુવતી સ્હુડી, અનંગ ભરતો રંગ.

માર માર મરણકાર ચરણ શરણ રાખીએ,
વંદીએ વંદીએ, વર વર વરીએ. કૃષ્ણચંદ્ર.

પ

હાંરે કોઈ મહી રસ લો, મહિ રસ લો.
હું તો નાજુક બાલા કુમળી, મુજ શિરપર ગોરસ મટકી,
ગલિ ગલિ વેચું રસ ભટકી.— હાંરે કોઇ૦
આવો રંગીલી રસની ચટકી, કોણ છો તમ નૌતમ નટકી.
મને ચખાડો રસની કટકી, શિદ મારો ગોરસપર ઝટકી.
હવે જાઓછો કયાં છટકી, હું જાઉં નહીં કદી સટકી. હાંરે કોઇ.
ખસો આઘા છેલૈયા, રંગી રેલૈયા, મૂકો બૈયાં, ગીરધારી,
શર્મ ન્હોય, કોઇ જોય, આ શું સ્હોય, નાહીંરે. ખસો૦
માથે મટકીઆં ફુટે સટકીઆં છુટે છતિઆં, ખસો છૈયા,
કોટે મોતનિઆ તૂટે માલનિઆ, ચૂંટે કલિઆં, ખસો છૈયા.
રાજી હું રાજી, આવું જી પાછી, આપું જી તાળીજી, મંદિરિ-
આં. આવો આવો છેલૈયા૦

૬

ચાલો ચાલો મોહનિઆ બંકે, રસિક કાં તરસાવો
નાચો નાચો સ્હાઇ કલિઊર, રંગીલા ભરપૂર— રસિક૦.
લ્હેકી નાખું પંખે પવનની, ન્હાસો શિદ દૂર. હે પ્યારા
હઠો બસ દૂર રહો (છટ) ભીડી બાથ કેલી કરો.
આવેશું નાહીં શરમ (નહીં) ચુમી લઉં ઘેલી ગણો.
ચાલોજી ચાલોજી મ્હોલ. જાઓ, બસ, નહીં, ચાલો ચાલો૦

૭

મ્હેલું મ્હાર પ્યારી, બળતાને બાળે તું શું ?
બાળી સંતોષાતી નાંહીં, લુણ છાંટે છે શું ?
મિથ્યા કહે તે સત્ય બધું છે, અક્ષર એક ન જૂઠજો.
બાળક રડે નવ પયનું સાધન, ઘરમાં અન્ન ન મૂઠજો.
કૂપ માપ થાએ છે જગમાં, ક્ષુધા કૂપ અમાપ કારી
કરમ લેખ મીટે ન પ્યારી, કરમ લેખ મીટે ન—મ્હેલું૦

૮

બહૂ જીવો રાજન્, દ્રૂપદ ! દુખિનાં દુઃખ હરતા,
દયાલૂ માયાલૂ પરમ સુખદાતા નૃપવરા;
પ્રજા પાળી પીડા પરહરિ પ્રભૂ પ્રીતિ વરતા,
પુકારિ અંતર્થિ જન સરવ આશિષ વદતા. ૧
વરી કીર્તિ નારી, સકલ અવનિ તેજિત કરી,
લજાઈ ભાનૂએ, નિજ પરકમા નીમજ કરી;
દ્વિજોને ભિક્ષાની સરિત તુજ હસ્તે રહી વહી,
તપો રાજન્ તારૂં, બલ ભુતલમાં થાઓ ઉનતી.

૯

રાજા તું જાએરે શું છાકી, ગર્વે મદેથી અજ્ઞાન
જોજે કેવો હું બતાવું— રાજા૦
તું જરથી ગરવે છકયો, નિચ તે તારો ન રેશેય
તુજ મનથી લહે ભૂપ હું, ઓળી લે નિશ્ચય
એએએએ—નકી, જો, જે.
આધિન છે સહુ કાળને નૃપ, જે નહીં કો આધીન
જલ પલટી થલરે બને, રાત્રી જયાં હોય દીન
એએએએ—નકી, જો, જે.
કંગન તે લોહ બેડીરે નકી, થાએ ઓ રાજાન
ધિક ધિક ધિક્ક છે, રે ગર્વી નાદાન
એએએએ—ધિક્કાર હો.

૧૦

હર હર હર ! બળ સરવ તમ અફળ થઈ સુધ કુશળતા
પુર લજવાવિ દે—હર હર હર૦

સકળ અવનિમાં કિરતિ કીધી યશ વિનાની કલંકિતી.
વીરબાહુ થઈ શૂર રાજી બની પુરા આજ નિરબળ, ફિટ ફિટ
ફિટ ધિક્કાર—હર હર હર
રે ધિક્કછે ક્ષત્રિના બળને, ધિક્ક તે ઉંચ કુળને,
રે મંત્ર સરવે વિફળ છેરે, શૂં અજા શાર્દૂલ જે ?
રે ભર્ત્તભૂમિ માહીં જન્મી માતને શૂં લજવતા ?
રે મર્દની શૂં બની ત્રિયા ? વૃક્ષની શું બની લતા ? સકલ૦

૧૧

ક્ષેમ કુશળ તો છોને, હર્ષ થયો અમને છે ગુરૂરાજ.
કૃપા કરી કેહેશોજી, પ્રાપ્ત થયું આવવું શે કાજ.
ગયો દ્રુપદની પાસે, ગૌ કાજે યાચના કીધી જેથી,
કરાવવા પય તનને, પામ્યો માન ભંગ હું તેથી.

૧૨

પડો વીરા ઓ વિપ્ર વર્ય, શાન્તિ લો અપાર;
લો વિશ્રાન્તિ દો ઉતારી, ધનુષ્ય કેરો ભાર—પડો.
સાથ પ્રિયા આંહી રહો, મિત્ર સુખકાર;
શોક સર્વ વર્જ કરો, લો સુખો હજાર—પડો.
રાજકોપને આ કુરૂ, પાંડુના કુમાર;
ચર્ણ શર્ણ છે સદા, રહે ઊણું ન લગાર—પડો.
અમપર આ કિધો વડો, આપે આ ઉપકાર;
સૂખદાઈ સર્વને, કીધી કૃપા અપાર.—પડો.

૧૩

તારી ગતિ હરિ ન્યારી, તારી મતિ અપારી, હવે જોજે શી
ખ્વારી તારી થાએ રાજાન.
તારો ઘાટ ઘડું પૂરો, વળી ઠાઠ કરૂં ચૂરો, હવે ચૂકયો પછી
હું પુરો મેદાન કરૂં સરવે હું તારૂં ખેદાન મેદાન.
માનપાન ખ્યારૂં, સરવ તાનતારૂં, જોજે કેવું કરૂં હું છુ
સમસાન
બસ એજ હવે વાત, ધરૂં બીજી ન હાથ, કરૂં તારાજ તારાજ
(બસ) એજ એજ એજ, (૩)

૧૪

રાજકુમારો ધનુર્વેદને અસ્ત્ર શસ્ત્ર સૌ વિદ્યા;
શીખી કુશળતા મેળવી સૌએ કરશો આપ પરીક્ષા.
માગું હું રાજન્, કુરૂકુળ દીપક દુખ નાશન.

૧૫

કરૂણા લય કેશવ કમલાપતિ, કમલ નયન મર્દન કાલી-કરૂણા.
નરક નિવારણ નરહરિ નાગર, નિત્ય નિરંજન નગધારી,
માધવ મુરલીધર મંગલકર, મણિધર મન્મથ મદહારી,
રામ કૃષ્ણ રાધાવર રસમય, રંજન કર હરિ ગીરધારી-કરૂણા.
સદગુણ સાગર શ્રીપતિ સાચા, સુરપતિ શ્રીકર સુખકારી,
દીનોદ્ધારક દુર્જય દુખહર, મદન દલન દગ મદધારી,
શસ્ત્ર દીનને પાલનકારી, દાનવ દર્પ દમનકારી–કરૂણા૦

૧૬

આજે સંગ, મળીને સરંગ, મચાવીને દંગ, ઉમંગથી.
રાજે તંન, સતેજે બદન, સતેજે વદન, કરીને કસી.
હવે સૌ થાઓજી, ત્વરાથી આલોજી
છેએ, સહૂ, તૈયાર અમ, હરદમ ચમન સરંગ.

૧૭

શું તું ગણે મને તૂં જ સમાન, નીચ નીચ તુંને લાગ્યું છે તાન
શું પ્રિય નથી તુને તુજ પ્રાણ— શું તું૦
તૂને નથી જરી કાંઈ સાન, વિણ વિચારે ખોવા છે પ્રાણ
જરા સમજ સમજ રાખી ભાન— શું તું૦
રમાડું તૂને એવે ઝપાટે, પાડું ધરણપર કેવે સપાટે
ટાળું તમામ ગુમાન— શું તું૦
વિના તેડાવે વિના બુલાવે, શૂં આ મંડપને તું ભુલાવે
(જા) જા જા થા ઈનસાન— શું તું૦

૧૮

શું મિથ્યા વેણ વદે તું, શું છાકી લવેછ મદે તું–શું મિથ્યા
બસ સમાલ તૂજ જબાને, નવ આ વિરદબે કો બાનેરે–શું૦
રમાડું તુજને કેવો આ સ્થળ, સ્વાદ પૂરો તું ચાખે

૧૧

હોય પરાક્રમ તુજ ઉર કરમાં, આવ, શું મિથ્યા ભાખે—શું૦
એ મંડપ કંઇ નથીજ ત્હારો, શું તૂને પૂછી આવું
તુજ બાણુમાં હોય પરાક્રમ, નિકળ બ્હાર દેખાડું
બસ આવ, બસ આવ, શું મિથ્યા૦

૧૯

લાગ્યો હાથ સુંદર શિકાર, વાહવા.
તાલ ના આવે ફરીથી, વાહવા.
આજે મઝાનો ન પાર, વાહવા.
ડોસી આ બીચારી ભોળી, ભાવિકી પ્રભૂ આધાર—લાગ્યો૦
વિપ્રો આ સર્વે પુરાછે જ્ઞાની, પિતુનેરે તારનાર
ખીલાવી એને મસ્કો લગાવી, કરો મસાલો યાર.
સાચી કમઇના ઘરડાના પૈસા, ખર્ચ્યા બા થાય કાય સાર
લાડુ ગગળતા ઘીના એ માજી, ઠારો કે થાય પિતુ તાર તાર
તાર
માજીમા ઠારો કે થાય જયકાર—ડોસી૦ લાગ્યો૦

૨૦

આજે માયાના રંગે રીઝાઓ ઉમંગે જરા કસર નવ
નાચો નાચો હસંતે મુખે. (૨)—આજે૦ [રાખીએ.
વાહ થાશે મઝા અતિ આજે, પેટ થઈ લડાતુમ ગાજે;
આ દેખું હું લાડુના ટોપલા, પેટે બાંધું હું તેના પોટલા
હવે ચાલો જમનાજીને ઘાટે, લ્હેર આવે નયન વાટે;
ચાલો પડાની વાટે. આજે૦

૨૧

વૈર વન્હી ઝાળ ધુમી રહી. (૨)
ધુમ્ર ગગનમાં સમાતો નહીં—વૈર૦
નિશદિન પલ પલ દ્રોણ વચનશર, સ્હાર સ્હાર કરતું
કરવત વત વ્હેરી તન તંતર, દાર દાર કરતું.
મુનિવર વિરલા કોઈ નીકળી મંત્ર સિદ્ધિ દાખે
ભુમિપર નિજ વિદ્યા દરશાવી, તંત્ર ઋદ્ધિ બાપે—વૈર૦
બ્રહ્મ તેજ છે ક્ષત્રિ તેજથી, અતિ ઘણું ભારી

અસ્ત થવું તમ હસ્ત ન ભારી, ફરી અરી જ્યારી
યજ્ઞ કરો કો ભીમ એહવો, અરી શીર કાપું
વૈર દેવીને તૃપ્ત કરો, ધન મન માગ્યું આપું.—વૈર૦

૨૨

આ કૃષ્ણ વર્ણી તનયાનું નામ,
છે દ્રૌપદી સૌંદર્ય ધામ—આ કૃષ્ણ૦
વિરમદ સરવે જરજરી કરશે, હરી ક્ષત્રિનું અનહદ માન.
વૈર સાધના પૂરી કરશે, ઠામ ઠામ અસિ ચાપ બાણ—આ;
હયદળ ગજદળ ગગન ગબડશે, હણી જોદ્ધાના સત્વર પ્રાણ
ક્ષત્રિ લોહીની સરિતા વ્હેશે, ઠામ ઠામ પુર હાણ હાણ—આ.

અંક ૨ જો.

૨૩

કરો વૃથા શો વેશ પિતુજી, દુઃખ દેવા કાજે
છેક અકલને નાંખી આઘી, કરવું અહિત આતે--પિતુજી૦
વડા પુત્રને છેક વિસારો, શરમ શરમ થાશે,
ટળવળશે તન કાર્ય બિગડશે, નેમ દૂર થાશે—પિતુજી૦
પાણ્ડુ તનયનું નામ કરણમાં, વિષ શરવત લાગે.
દુર્યોધન નિઃસત્વ જગમાં, કુરૂ કુળ લાજે—પિતુજી૦
તોલ કરો જરી આમ વિચરતાં, વદન વચન લાજે
ઘડપણમાં ગઇ ડાગળી ચસકી, માન ખંડ થાશે---પિતુજી૦

૨૪

હિત તમ પિતુ મન મુજ પ્યારા, શંકા ન લાવો વિચારો
મુજ પ્યારા.-તમ.
થાશે ન કોઇ આવા હિતૈષી, બંધુ સદાના મારા પ્યારા.
આનંદકારી વાત વદી છે, મંગલકારી રે મુજ પ્યારા.
સંપે રહો સૌ પાંચે બંધુઓ, કુન્તિ સુમાતા સાથે પ્યારા.
રાજ માહીતી મેળવો જઇને, તેમ વળી કીર્તિ યશ પ્યારા.
જોઇ શકુનો સીધાવો આજે, થાય જેથી કલ્યાણ ઓ પ્યારા.

૨૫

ઈંઆર તે કેવો સળગાવ્યો આબાદ, કેવો ઉતાર્યો એ દુષ્ટોનો નાદ
એઉંધુ થાએ શું કેવી બીછાવું હું, જાણો હું આજકાલ કેવો ઉસ્તાદ-ઈંગાર૦
જગતને જાહીર કરૂં, જોઈ લો શી હીર ધરૂં, એવી તદબીર કરૂં, થાએ ખુવાર
ઉસ્તાદ ધુરંધર આ સૌનો સરદાર, હ્યું હું કેવો ભયંકાર શું જાણે હિચકાર
કેવો વર્ત્તાવું ત્રાસ, જેનો આભાસ, જરી નાવે લગાર, પાર પાડું વિચાર.
કેવો મરતાનો હું વાઘ, જગત શું પર્ખે ? ઉસ્તાદીની આંટ-

૨૬

કેવો જુલમ આ ભારી વરતે, પાંડવ શિરપરજી.
હાય પડી શી આફત ભારી, જે નહીં વરણી જાય;
રક્ષણ કરતા ભક્ષણ કરતા, થાય જુઓ છો હાય—કેવો
રાય યુધિષ્ઠીર કેરી બુદ્ધિ, નિર્મળ સત્ય પુનીત;
રંક રૈયત હાય કેમ જીવે જ્યાં, કોરે કપટનો કીટરે-કેવો.
દુઃખ દઈ કો સુખ ન પામે, એ પ્રભૂ ન્યાયની રીત;
"ધર્મે જય ને પાપે ક્ષય" એ, પેખશું જાતે ખચીતરે. કેવો.
રાય યુધિષ્ઠિર ચર્ણ તણી રજ, પાવનકારી પતીત;
કલ્યાણકારી શિરપર ધારી, થાઓ અમીત પુનીતરે. કેવો.

૨૭

આજે ખુબ શરાબ, પીઓ રંગીલા ગુલજારા
ભરી પેટ પીઓ, પીઓ, પીઓ, પીઓ, પીઓ-હી, હી, હી,
રહો અધુરા જરી ન બાપલા—વાહ વાહ.
રંગી ઉડાવી જંગી નાચોરે ફાંકડા-વાહ વાહ-આજે ખુબ૦
ભરી પેટ પીઓ, નાચો કુદો નાચો કુદો—હી, હી, હી,-આજે ખુબ
રાજાજી લાગીયા, હાથે છે વ્હાલા—વાહ વાહ

ખાલી કરોને વ્હાલા આજે બાજુલા—વાહ વાહ.
વાહ વાહ, વાહ વાહ, વાહ વાહ--આજે ખૂબ૦

૨૮

હાય, અરરરરરર ! આ શું થયું, દૈવ તેં શું કર્યું.
હાયરી, મ્હેલમાં, આગ શી, લ્હાય શી—હાય, અરર૦
ભડભડભડ શાં બળતાં ભડકે, કડડડ કરિ શું પડે.
ધડડ ધડડ ધડ ભીંતો પડતી, ધરણુ ધ્રુજી ધમધમે.
અટારી, અગાડીની ખબારી શી ભારી જોઇને ફાટે છે
છાતી—હાય.
રાજ શત્રુવટ ધરાવનારા, કો અરિ દુખદ મળ્યા.
કુન્તિ માતની સાથ પાંડવો, બળી જળી ભસ્મ થયા.
પ્રભુજી આ શી દુખીઆરી અકારી, લાચારી ગતિ રે
હમારી—હાય.

૨૯

વિરલા પ્રિતમ મુજ પ્યારા, મદનાકારા
જરી જુઓ આમ મુજ સામું, મુજ શિશ તમને હું નામું
દુઃખ મુજ સરવે હું વામું, રંગિલા રસિકડા ફાંકડા—સી.(૩)
વિરલા૦
વપુ લાગે બહુ રઢીઆળું, આ દાસી લાયક ભાળું
વિર જોદ્ધામાંહી રસાળું, દીલ હું આ તમમાજ વસી રહ્યું-
સી. (૩) વિરલા૦
લલના નાજુકડી બાળા, કરી રહીછે કાલાવાલા
દો આલિંગન મુજ વ્હાલા, ઉઠોને પ્રીતિ ઝણુ વહ્યું-સી.(૩)
વિરલા૦

૩૦

ખિલિ ફુલ કલિ આ ખરિ જાય, પ્રિતમ પ્રેમિલો જતાં
તન વેલડી તફડી તવાય, નીર નાવિલો ન જ્યાં.
ઊર સરસી ચાંપી પ્રિયા, કોટી કોટી કરનાર;
તરછોડી પ્રિય અંગના (શિદ) મારો વિરહ કટાર.
પ્રિય પ્રિય કરતી અબળાય, ઝુરાએ હાય, પ્રિતમ પ્રેમિલો
જતાં

ચશ્મ તણા તારા થઇ, લગની લગાડી જ્યાંય;
વિરહ શરે શિદ વીંધીને, કરો રૂધિર સર ક્યાંહ.
પિયુ પિયુ જપતી રસનાય, સુકાયે હાય પ્રિય પ્રેમિલો.
જતાં—ખિલિ૦

૩૧

હું મારૂં એ દાનવને ઠાર, મ્હારા પિતા આપોની
મુને તલવાર—હું૦
હું નાનકડો સૂત શૂરો, વીર યોદ્ધામાંહી તૂરો
પલમાં લાવું એનો પાર—હું૦
તમને બચાવી માત મારી, રૂધીરે આ અગ્ની ન્હવાડી
કરૂં એને ઝટ ખ્વાર—હું૦
પટકી ભુમિપર, છાતી ફાડી, નાંખું હું એને વિદારી.
દાખું એને જમદ્વાર—હું૦

૩૨

વિકળરે હું, નાહીં ચેન ઘડી પલવાર
મારે હૃદયે નાંહીં કરાર, હાયે હાયે વદું શતવારરે–વિકળ૦
નિશ દિશ પલ પલ કાળજ ધડકે, સાજ સહૂજ અકાર,
પામર યુવતિ તનમન તાપી, ચંદ્ર પિડા દે અપારરે–વિકળ૦
ચાપ કસી કરી માર અડી ઝડી, યૌવનપર અસવાર
રાંકડી બાળા મુઝાઈ મરૂંછું, નાવે દયાય લગારરે–વિકળ૦
બાગ બગીચા સુખદાતા તે, મુને થયા પિડકાર
ચંદ્ર કિરણ શર સમ પીડીને, દે કરી મુજને ખ્વારરે–વિકળ૦

૩૩

મન મુજ આધિ કેમ ટળે, પળ પળ આંસુ ધાર ગળે,
હર નિશ બળિ બળિ ખાખ થાય મુજ, તન મન ઝુરિ
ઝુરિ જાતુંરી;
પુત્રી લગન નવ હવે થાય તો, ક્યારે થાય વિચારો.કેમ
નરવર વરવર પાંડુ તનય નકી, અરજુન મુજ મન
ધાર્યો તો.
હાય ! અધમ દુર્યોધન દુષ્ટે, બાળ્યો લાક્ષા મેહેલે. કેમ

અન્ય પતિ મુજ પુત્રી કાજ કરિ, ખોળ શોધું દશ દિશ-
મારી

નિશ્ચય મન મુજ હવે થયો છે, ક્યારે છુટા થવાએ. કેમ

૩૪

જુઓ ન્હાસી આહીં આવિઓ, જુઓ ભંગડ ભરાએ ભરાએ.
જુઓરે આલમ મારો એનેધમ, થાયે ચંમચંમ પડે ત્યારેગમ
બાયડો બનિઓ બાયડો, એવું બોલાય શું કાંઇ જરાએ-
શી. ચુપ.
રંડાઓ રતન, જાણું આવી જમ, જાણ્યો મારો ભ્રમ લેતીજા
આ ભમ
રાંડે કાળજ કોરીઉં, લાવો સીપાઇ કોજાઓ જરાએ–શી.
ચુપ.

૩૫

રે પ્રિય સખીઓ, શુભ પ્રસંગે, અતિ ઉમંગે, મંડપ રંગે,
આનંદ કરીએ
ચરણુ શરણુ જઇ, શ્રીકર દેવકીનંદન સુતને રાધારમણુને
પ્રેમથી નમીએ.
લગ્ન ખુશાલીનું; ટાણું રૂડું આ, શુભ ગીત વાદ્યથી ભરિએ.
આશિષ લો સખી સુરવર નમીએ, વિઘ્ન વિદારણુ
વર વર વરીએ.
જક્તપાલ પ્રભુ જય જય દેવા, અંકે તમારે શિર ધરિએ
—રે પ્રિય

૩૬

ઉઠો ઉઠોની વિપ્ર કો આ ઠાર,
ક્ષત્રિનું પાણી ઉતર્યું આંહીં જોયું જોયું જોયું,
ધરી હસ્ત ધનુર્બાજ વિંધો મચ્છ આ ચાર.
પણુ મુજ રજ જાયે નહીં, જાએ નહીં, જાએ નહીં.
વરો વિપ્ર શુરા વીર ઉઠી રાખોની લાજ.
દ્રુપદિ વરશે વિપ્ર વીરો, વિપ્ર ધીરો, વિપ્ર વીરો.

૩૭

સાહાયે તમારી મને આજે રે નાથજી મુરારે.

રાખો હરી રંગ, સરવે અખંડ, હસ્તે વિશાળ પિતાજી
ધાઇ વ્હારે

લાજ મારી હાથ છે, પ્રભુ રહી તમારે;
ગાઉં શા ગુણ વિભુ બાળ રહ્યો તમ આધારે.
કરે તમ દાસ આ રંગ મંડપે કાલાવાલા;
પાડો તમ પાર મુજ આશ ધરૂં ધ્યાન વ્હાલા.

૩૮

પતિ આવો પ્યારા પ્રાણજીવન વરી ચૂકી આજ હું;
મુજ અંતર ઠાર્યું મદન સદન, રહી રાચી રાજ હું.
પ્રિય પ્રેમપુંજ હું શર્ણ; નમું ચર્ણ, ઢળી ધર્ણ, છું
દાસી. હું. પતિ૦
વપુ તુજ વેલી વાંકલડી, ઝગિ અવની રહી વીજલડી.
કમની કમલીની ખિલી સરમાં, રસ ઝરતી, નયનો સ-
રસ મદ ઘેલી. છબિલી રંજન કર કેલી. પ્રિય.
પ્રિય મમ સાચી પ્રીતલડી, રહિ વહિ ઉરમાં શીતલડી
કુમલી નમિલી ચમિલી રણમાં તડફડતી, ઊંચકી કરશ
વીરકરથી.
શશિથી થંથન નહિ કરતી. પ્રિય.

૩૯

ખસો ખસો શિર છેદું આ ઠાર, વાર નાંહીં લગાર—હાં વાર
ઝટકે ઉઠાવો ઝેરી તલ્વાર, છે એના શા ભાર—હાં-વાર
અરે કંગાલ, ઊતર નિર્માલ, ઊઠેરે ઝાળ, ઊતારૂં ખાલ
કીધું અપમાન, કરૂં એલાન, અરે નાદાન, નિકળ મેદાન
શિદ શિર તું છુપાવે હિચકાર, છે તને ધિક્કાર—હાં-વાર

૪૦

ઝટ્ જાઓ ખસી વિપ્રો, જાઓ દુર દુર થાઓ
આશ્રય આપી ક્રોધ અમારો, નવ તમપર લો વિપ્રો હોરી
નહીં મુકો તો આ ભુજ અસિથી, નાખીશ કાળજ કોરી—
રે ચંડાળ, રે તૂં બાળ, મ્હોડું તારૂં આવાર
શરમ છે, શરમ છે, શરમ છે, મુખપર.
હરામ જાતી, શિતાન જાતી, ભિખાર જાતી—ઝટ્૦

૪૧

રે શાંત, અરે ઓ શાન્ત, રે થાઓ, અરે ઓ શાંત.
રે શાંત , અરે ઓ શાંતરે, થાઓ અરે ઓ શાંત
લડો વ્હડો શું કામ ? જાણો છો ? શું જાણો છો ?
ખસો ખસો તમામ, ઓ રાજાન્ સુણો"સૌ કાન,
આ, વીર, ભીમ, અર,જુન, આ વીર ભીમ અર્જુન
આ વીર ભીમ અર્જુન.

અંક ૩ જો.

૪૨

દઉં આશિષ કુમારરાજ તમને, છો વીર યોદ્ધા પુરા
ક્ષત્રિ કાર્ય મહીં સહાય ઝગતા, પ્રેમી ખરા ને શૂરા
છો ગૌબ્રાહ્મણ પાળનાર પ્રિતિથી, રંકો તણા આશરા
હેજો દીર્ઘ યશાળ ઇશ કીરતી, પુણ્યાંશી રાજેશ્વરા.

૪૩

કર્મતણી શી ન્યારી,ગતિ આ, નાહીં કો નરથી જાએ કળીના.
હરિ હરિ કેવો ઘાટ ઘડયો તેં, જન્મની સાથે સર્જી જડયો તેં
ઉપકાર કરતાં દેશવટો આ, વ્હોરી લીધો છે હાથે શિરે આ
નવ જરિ રાખો કાંઈ અંદેશો, ક્ષત્રિ તણો ટેક પાડું ન ઝાંખો.

૪૪

કટુ શરવત ગુરૂ તમ વાણી, હું નહીં જ સાંખું જરારી
અંતર શિદ નાખો વિદારી, ઉર ઝાળ ન્હુડે છે ઝગારી.
ચુપ કપટ કીટના વારી, મદ ઊનમત ઓ અભિમાની.
જ્વાળ ઈર્ષા ઝળળ પ્રજાળી, નિશ્ચે થાશે ખ્વારી.
ધર્યો કર તેં સર્પ મુખેરી, વિષ વૃક્ષે વેર સીંચેરી.
ફળશે તવ રેહેશે રડીરી, રે સમજ સમજ તું જરીરી.

૪૫

જય જય જય બજરંગ દુલા અંજની સુત રંજન સુખદાતા,
નિશદિન પલ પલ ધ્યાન ધરે સબ રંગરાગસે ગુન ગાતા.

સ્નેહ મૂરતિ રામ સિતા ઓર લછમનકી જગ બિખ્યાતા.
રંક ભક્તપર કીરપા કીજે એહ બીનતી સુન ત્રાતા
રાવનકા અભિમાન તોર કર લંક જલા કર દી શાતા
રામ નામ સત એક અચલપદ ચરન શરનસે જન પાતા.

૪૬

જો સખી ચંદ્ર ભુલો પડયો, ગગન થયું ઘનઘોર
અવનીપર આ ઝગી રહ્યો, હરિ સખીનું મુખ ચોર
આજે શી રંગ રેલ છેલ, રંગીલીને ઉરે મ્હડીરે લોલ
માનિનિ મદ મન્મથ ચકચૂર—શામાજો
નેપૂર ઝણુકાર છંમછમ કરેરે લોલ.
કંગનસુર સૂર પુરે તાલથીરે લોલ—આજે૦
નવલ લતા શી ખિલી રહી, નયન સુમન મધુ વાસ
કેક ભ્રમર રસ ચૂસવા, ભ્રમણુ કરે ચોપાસ
રંગ ભેર આજે મુકે વધુકર, ઝુકે વપૂવર
ગૌર અંબરમાં રાજે રતિ શિ રંગી રંગમાં
શોભે શામા સખી વૃંદમાં, સખિ કાન્તિ અધીક દીપે
અંગમાં—રે ગૌર૦
ચપળા ચમકી અકાશમાં, બાળે અવનિ શામ
શામા સુંદર કાન્તિએ, ઠારે નયન તમામ
કટિતટ શોભે કેવિ કંઠે મુક્તામાળરે
મ્હડાવી હાથ કંગની, શી ભાળમાં શી દામિની
સૌ હળી મળી સખી ગાઓ મંગળ મંગળારે લોલ.
રિઝો રિઝો સહુ પુર કર દઇ તાલરે—મ્હડાવી૦
તનમન શાંતિ સર્વદા, દીર્ઘ જીવન સૌભાગ
પ્રભુ આપો પૂરી કરો, વીર પતિની આશ
ચટક ચટક ચાલથી ચાલિ, ચમક ચમક નેનથી ભાળી
ઝમક ગમત આજ પુરી કરી, લટક મટકથી લો વધાવી
છુમછુમછુમછુમ થૈ થૈ નાચો, છનનન છનનન સુર પુરી
આપો—સૂર. આજે શી૦

૪૭

રે મન મુજ ઉછળે આ શું !
રે શિદને આજે આમ કેમ ઉર ઉછળી ઉછાળી દર્દ દાખે શું !
રે મન૦.

જાય ઝંપી, જાય ચંપી, જાય ખંચી આ નયન.
અભ્રમાંથી વીજ ચમકી જાય ખમ્ચી મૂજ તન-રે શિદ-રેમન.
સૂર્ય તેજે દીપ ઝંખે ગ્રાસ કાળે ચંદ્ર જયમ
તેજ હીણું થાય શું આ શે વિકારે મૂજ તન-રે શિદને.-રેમન.

૪૮

જોઉં શું હું જોઉં આ, જોગી રાજ અંગ
નાહી ચેન, આવે ઘેન, મારે નેન,—જોઉં૦.
યોગીરૂપ રંગ, ભિતરમાં પ્રીતી, તનમાં અનંગ ધીકી,
રામે રામે સુરાગી
શીરે જટા, ભસ્મી ઘટા, શી ઈચ્છા છે જોગીડા
તનમન રાજે, પ્રેમ ગાજે, આજે સાજે ખરે.—વ્હારે જોગી
રાજ અંગ.

૪૯

રસિલિ આ, કેવી કેવી મીઠી મીડી રસીક રંગીઆ
સુંદરી આ વસી તનમાં, આ મનમાં, દરશનમાં
હું મોહી મોહી મોહી રંજની આ નિર્ખું આ—રસિલિ આ૦
શું વીધીએ મારે કાજે, વિરચી નીરમી છે એજ
કોટી સુપુણ્યો જો મેં કીધાં તવ પામું હું તનેજ
તકદીર મારૂં, સાજ સજેલી, નલીની, પ્રેમીલી, સુકલીઆ-
રસિલિઆ૦

૫૦

આહાહા ! હું શું શું ખાઉંરે, ભોજન આ મારી પાસ
સામી ઉભી રહી લલનારે, મારૂં મન નહી લાગેરે. (કેમનહીં?)
આહાહા ! હું શું શું ખાઉંરે. [૨]
બિરંજ કેવો સુન્દિર કીધો, કસ્તુરી શી રહિ ખુબ ખીલી
નહિં નહિં એમાં સ્વાદરે, (એલચી, જાયફળ, જાવંત્રી,
નાંખ્યાં (૩)

નાહીં એતો ભાવેરે—રે હું શું શું ખાઉંરે-૧
દૂધ સરસ શાકરિઆરે, એથી ભૂખ નવ ભાગેરે. (વાહવાહ,
એ એ નહીં ?)
એ હું નાહીં ખાઉંરે—આહાહા ! હું શું શું-
ખાજાં અમૃત પાક જલેબી, સૂત્રફેણી ઘેબર રસદારી
જરિ જરિ તિખિ મિઠિ, ચટની લીઓજી
ખાઈ રીઝો રાજરે-આહાહા ! હું શુંશું-(નાના, એમ હોય,
એમ હોય, મારા સમ, તારા સમ, મારા સમ)
લીંબુ તણો રસ નીચવું શાકે, ગાલ લાલી ચુમી રસ બસ દીજે
બસબસ મ્હસ ભૂખ એથીજ ભાગે-(ખૂબ ખૂબ, લીઓજી,
આપોજી, વાહવાહ, વાહવાહ, વાહવાહ)
કેલી કરો આજેરે, રેહું એજ ચાહુંરે, પ્રીયે રસ છે એમાંજરે-
આહા૦

૫૧

નહીં પ્યારી નહીં પ્યારી, લો શ્રમ નાહીં તું આવડો,
લો શ્રમ નાહીં આવડો, મઈાય કર નાનૂકડો.—નાહિં૦
જલકણ બાઝયાં મુખપર ઝાઝાં, આશી પ્યારિ વેઠ આ,
એ મોતી પ્રોઉં, માળ ગુંથાવું, કંઠ શુભાવું, મૂજ આ-નાહિં૦
નરવર પ્યારા મન હરનારા, સેવા મૂને સૂખદા
સૂખેથી ખાઓને ખવાડો, બીડલું આ રંગદા—નહિં૦

૫૨

નાના પ્યારા એમ શું બોલો, ઘટે નાહીં એવું કરવું જરી
આ તમને
જાઉં હવડાં, જાઉં મુકી દે. (નાનહિં છોડું-ના નહિં છોડું)
પ્યારિ મારી ચાલ મટે તું,
(ઘણું જ સારૂં, ઘણુંજ પ્યારૂં, ઘણુંજ મીઠું જોગીરાજ)
દુધમાંહીં શાકર મિલાવી ગળી ગળી આ—

૫૩

અરે ઓ તું જા જા ઝટને અરે જા જા તું ઝટપટને
સ્વામિજીને પુજીયે પ્રીતીથી આજે,
ચરચા ચંદને રાજે.
ચંદન અર્ચા કરીએ, હારથી શોભાવીએરે સ્વામીજીને,

અર્ગજા સુગંધીવાળી, લાવ તું દાસી સુખાળી
મર્દનો કરો આ વારી, થાક નાખીએ ઉતારી
હેમ પુષ્પે જાતજાતી, મળે જેથી પુર શાંતિ.

૫૪

રે ઓ શાણી નીરચે સેવા હું બજાવું હેતે રાણી.
જરી રીસનાણી ખરી સ્નેહ ખાણી ગણી લ્યો સુજાણી
તમારી આજ્ઞા હું ખરા દીલથી તનમનથી પ્રીતિથી
પાળું હું પરમ પ્રેમી વ્હાલપ શરણ છું લોપું નહિ,
સદાએ વર્દાન કેવા હેતથી દયા સુમેવા.
મતિ ધર્મજરેવા ચાચું હરનીશ સેવા
મુજ વાણી સુણી, અસન્નતાથી આપો રાણી
રાજગાદી હોયે તનુજ મુને તેને રાણી.
એજ છેલ્લું ખરે વર્દાન રાણી.

૫૫

કેમ રીસાઓ શું કામ, પ્રેમીલી પ્રિયેરી જુઓ જરી આમ
ઘણે કાળે આવ્યો વ્હાલીરી હું.
જાઓ જાઓ બસ..................કેમ
હોએ સુભદ્રા, જાઓની ત્યાંએ.
આમ અરે આમ પ્યારી ઓછું શું લાવો છો શું કામ
સોકયનું સાલ તમે ઘાલ્યું પ્રિતમજી
નહીંરી, ઉંહું, જરીરી, ઉંહું કદી નવ જોઉં
હું તો જરી નહીં દુભાવું તમને
હું અરે, કદીના સતાવું શી દલગીરી આમ—કેમ.

૫૬

રેઆ, રૂદન કરૂં હું નાથ સુણો, દાસીનો આક્રંદ
હે દલન દુખ ગોવિંદ.
આ વિલાપ સુણી ધાઓ વ્હારે, આ દાસી દીન રંક
હે દલન દુખ સુકુંદ
હું અબળા નિરાધાર લાજ, તમ કર નિઃશંક
હે વ્રજપતિ ગોવિંદ
આ કૌરવ ભુજંગ વચે, પડયું ફસી આ અંગ
છોડાવો હે ગોવિંદ

આ કૌરવ સાગરની મહીં, ડુંબું હું દાસી રંક
કર સાહો કોમલ તંત
તમે તાર્યા અજામિલ, વળી પ્રલ્હાદને ગજઇન્દ્ર
શું હું જ ભાગ્યમંદ
છે દાસી ચરણ શરણ લાજ, રાખજો ભગવંત
દયાલુ હે અનંત.

૫૭

“મારા જેવી તે બૈચર ફુટડીરે, જેના બેસે હજારો હજારરે-
મારા
જરા હસ્યાના હેંસી હજાર, જરા નાચ્યાના નેવું હજાર
જરા લટકામાં પટકું હજારરે—મારા.
તારા સરખીરે નાર શંખણીરે, મારા કર્મે લાગ્યા શા આ
ભોગરે.—તારા.
જા જા ગંધાતી ગોળી એ નાર કોડી ઉપજે નહિરે બજાર
તું મરે તો નાહું આ વારરે—મારા
મારા ગાયનમાં ગુલતાન હજાર, હું તો સુલતાનના દાવની
છું નાર
મારા પલકારમાં લાખો તલ્વારરે—મારા
મારી કોટીના કોટી હજાર, મારી ઓટીમાં લોટે હજાર
મારી ચુમીના ચોપન હજારરે—મારા”
(આ. ચં.)

૫૮

ધર્મરાજ આજે રાજે વિરાજે
રાજ છે પુરણ સુખ ભાજ
ક્ષિતિ પતિ અતિ, અમ પ્રતિ પ્રિતિ.
ધૃતિ સતિ મતિ કૃતિ વૃતિ ગતિ
દાખ, રહો અખંડ સુરાજ
પરી, પરી, પરી, અરી, અરી, અરી,
વરી વરી, વરી, કીરતી, કીરતી,
રાજ, રહો અવિચળ રાજ

લ. લા. વ્યાસ.

સમાપ્ત.